# સંસ્થાની પ્રતિબધ્ધતા અને નિષ્ઠાથી આત્મર્ભિર બની દિવ્યાંગ દીકરીઓ

**શ્રવણમંદતાને સમસ્યા ન ગણી સ્વમાન અને સન્માન સાથે જીવવાનું સ્વપ્ન સાકાર થયું અને જીવનમાં આવી હિરા જેવી ચમક**



પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ ઓગષ્ટ : ૨૦૨૪, અંક નં. ૧૪૦/૫૦૬

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 August - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# કે. એલ. બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર


દાતાશ્રી મુકેશભાઈ ઓઝાનું શ્રી ગિરીશભાઈ શાહના હસ્તે સન્માન


કમિશ્નરશ્રી ઉપાધ્યાય સાહેબનું સન્માન કરતા શ્રી ગિરીશભાઈ શાહ


સન્માન સમારોહમાં વકતવ્ય આપતા શ્રી મુકેશભાઈ ઓઝા (મુંબઈ)


વિદ્યાર્થીનીને પ્રોત્સાહિત કરતા કમિશ્નરશ્રી...


'પ્રવેશોત્સવ-૨૦૨૪'

# કોશિશથી કામયાબી

આ અંકમાં ...


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર................૦૨
- INDEX....................................૦૩
- CONTENTS AT A GLANCE..........૦૪
- આત્મર્ભિર દિવ્યાંગ દીકરીઓ.....................૦૫
- 'કોશિશ...' ૫૦ વર્ષ પૂરાં કરે છે..................૦૬
- દિવ્યાંગ ડૉ. રાજન્ના પદ્મશ્રીથી સન્માનિત..........૦૬
- નટરાજ સી. પી. બાળકોની શાળા..................૦૭
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ............૦૮
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ.........................૦૯
- દ્રષ્ટિહીન કન્યા આઈ.આઈ.એમ. ઈન્દોરમાં પ્રવેશ.....૧૦
- પી.એન.આર. હોસ્પિટલ .........................૧૧
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર.......૧૧
- અંબા સી. પી. હોસ્ટેલ...........................૧૨
- પ્રવેશોત્સવ.......................................૧૩
- મુકેશભાઈ ઓઝાનો સન્માન કાર્યક્રમ...............૧૩
- બેંક ઓફ ઈન્ડિયા સ્ટાર મિત્ર પર્સનલ લોન..........૧૩
- કેસ સ્ટડી - પાયલ દૂધરેજીયા .....................૧૨
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા. વિ.)......૧૪
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)........૧૪
- શ્રીમતી પી.આર. વાઘર સાધન-સહાય વર્કશોપ......૧૫
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ ...........૧૫
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ................૧૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..............૧૮
- ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા ભાનુવાડી સેન્ટર......૧૯
- ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ..........................૧૯
- દિવ્યાંગોને એક વધુ રાહત.........................૧૯
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ............૨૦
- લાઈબ્રેરી.........................................૨૦
- ફાધર્સ ડે ના સંદર્ભમાં એક દિવ્યાંગની કથા...........૨૦
- ડોનેશન લિસ્ટ....................................૨૧
- માનવંતા મહેમાનશ્રીની પ્રોત્સાહક મુલાકાત..........૨૨
- સી.પી. સ્કૂલમાં શ્રી મુકેશભાઈ ઓઝાની મુલાકાત....૨૨
- PNRના કર્મનિષ્ઠ કર્મચારીઓનું અભિવાદન.......૨૨
- PNR તસ્વીર સમાચાર..........................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## 'કોશિશ થી કામયાબી' નું સુવર્ણ જયંતિ વર્ષ...

વાચક મિત્રો,

તા. ૧-૮-૧૯૭૪ થી શરુ થયેલી આપણા હાઉસ મેગેઝિન 'કોશિશ થી કામયાબી' ની વણથંભી યાત્રા તા. ૧-૮-૨૦૨૪ માં ૫૦ વર્ષ પૂર્ણ કરી વધુ પડાવ માટે આગળ વધી રહી છે, એ મેગેઝિનના ઈતિહાસમાં એક અજોડ ઘટના ગણી શકાય.

મિત્રો, આપણી તમામ સંસ્થાઓના ફાઉન્ડર શ્રી બાબાભાઈએ પોતાની દીર્ઘદ્રષ્ટિ, દિવ્યાંગો પ્રત્યેની કરૂણા અને દાતાઓમાં સંવેદના જગાડી, જેમ વિવિધ સંસ્થાઓના આધુનિક નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવી છે, તેજ રીતે આ સંસ્થાઓમાં દિવ્યાંગો માટે થતા કાર્યને લોકો સુધી તેના પ્રચાર-પ્રસાર માટે આ 'કોશિશ...' મેગેઝિનના તંત્રી તરીકે પોતાના આગવા દ્રષ્ટિકોણથી છેલ્લાં ૫૦ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે જવાબદારી નિભાવી રહ્યાં છે, તે આ એક અદ્વિતીય વ્યકિતત્વની ઓળખ છે.

શ્રી બાબાભાઈ પોતાની સફળતામાં હંમેશા પોતાના સાથીદારોને ક્રેડિટ આપતા હોય છે તેમ, આ મેગેઝિનમાં એમની સાથે યોગદાન આપનારા સ્વ. મફતભાઈ શાહ, સ્વ. ભાસ્કરભાઈ ભાવસાર, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી રાજુભાઈ પટેલ (DTP), શ્રી કૌશિકભાઈ પરમાર (AT&T) અને વિવિધ શાળાઓના સંપાદકો, લેખકો, ફોટોગ્રાફરો અને સમગ્ર લાંબી પ્રક્રિયા સાથે સંકળાયેલા અસંખ્ય વ્યક્તિઓનો પણ સહયોગ રહ્યો છે, તેમના પ્રત્યે આપણે, આજે આદરભાવ વ્યકત કરી, ઋણ સ્વિકાર કરીએ.

મિત્રો, આપ પણ આ ૫૦ વર્ષની 'કોશિશ...' ની યાત્રામાં કોઈને કોઈ રીતે જોડાયેલા હશો અથવા વાચક તરીકે પણ તમને કશું સારું લાગ્યું હોય કે કોઈ સૂચન હોય તો, અમને નીચેના વોટસએપ નંબર જણાવવા વિનંતી છે.

**M. 9375757181** ✍ **કિરીટ રાઠોડ**

**Success consists of going from failure to failure without loss of enthusiasm.**

✍ **Depanke Mohit**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૯/૫૦૫**
  **૧૫ ઓગસ્ટ - ૨૦૨૪**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org


- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **વંશિકા ફોમ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **વંશિકા ફોમ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

K. D. PADIA



## ◈ KLID Goes Extra Mile

Apart from its three important arms-Special Schools, Teachers Training College and Workshop producing Aids & Appliances for handicapped-each discharging its rightful responsibilities - of the K L Institute for the Deaf (KLID), a precious initiative of opening new vista's of employment in Diamond Industry for its specially educated and vocationally trained students is calling praise from all walks of life ! As many as 12 students got job in the local Haridarshan Diamond Export Company, thanks to continuous efforts of KLID administration and pragmatic approach of the employing company. It may be stated here that earlier the KLID has been successful for getting Government jobs for its 22 students and private jobs/business for 80 students. In order to peep into the world outside the school and increase General Knowledge and physical wellness the students of all special schools were exposed to Khel Mahakumbh, Yoga and Drug Abuse & Illicit Trafficking. Distribution of Hearing-aids at definite intervals has been KLID's regular activity. The workshop didn't leg behind. It served 86 disabled by providing 100 different Aids & Appliances. Its knee-brace beneficiaries have been 32.

## ◈ Round of C.P. School, Disha Vikas Project, Ankur School for MR Children & High Tech Inclusive School

Audiometry Camp, Celebration of Yoga Day outside School Campus, Staff Meeting for Review and Future Strategy and Exposure of Students to Students to Drug Abuse have been important activities of the Nataraj Special School for Cerebral Palsy Children; Praveshotsava, Vocational Activity, Guest Visit, Project Committee Meeting and Yoga Day Celebration have been chief activities of National Trust-funded Disha-cum-Vikas Project; Praveshotsava, Participation in State-level Sports, Vaccination, Final Theory Exam and Viva of Teachers' Training College were accomplishments of Ankur Special School for Mentally Retarded Children; National Reading Day, Yoga Day, Cleanliness Campaign, World Population Day, Green Day celebration besides normal academic work have been the activities of K. N. Shah High Tech Inclusive School.

## ◈ Other Activities

Under Congenital Deformity Project 7 plastic surgeries, Health checkup of one lakh school children of district and 6620 children of schools of Bhavnagar Municipal Corporation and remedial free surgery/treatment of eyes and ears found defective and free supply of powered spectacles by Pravinchandra Disability Prevention Center with Funding from Impact Foundation, U.K. ; Supply of 20 laptops among disabled youths of rural area for online training of rendering computer skills by AT&T Institute; Medical and para-medical services to about 4000 patients free/ at charitable rates by PNR Special Hospital and V. C. Lodhawala Hospital; HALF CENTURY OF THIS MAGAZINE; Library Services; Informative article on Mental Health; Success Stories; Important news for/of Disabled World are carried in this issue.

## સ્પેશિયલ એજ્યુકેટરની ૩ હજાર જગ્યા સામે મેરિટ યાદીમાં ફક્ત ૧૩૯ નો સમાવેશ !

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે સ્પેશિયલ એજયુકેટરની ભરતી કરવાના નિર્ણયમાં ટેકનિકલ વહિવટી ખામીઓ આવતા ૩ હજાર સ્પેશિયલ એજયુકેટરની ભરતી સામે ૧૩૯ ઉમેદવારોનો મેરિટ યાદીમાં સમાવેશ થયેલ છે. વિવિધ સ્તરે ભરતીની પ્રક્રિયા, ઓનલાઈન પ્રક્રિયા ધો. ૧ થી ૫ માં, ધો. ૬ થી ૮ SC, ST આર્થિક સ્થિતિ જેવા પાસાઓને ધ્યાનમાં રાખતા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા. ૨૪ મે-૨૩ ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. લાંબા સમય બાદ, ભરતી માટેની અટકી પડેલ કાર્યવાહી દ્વારા સ્પેશિયલ એજયુકેટર માટેની કામચલાઉ મેરિટ યાદી જાહેર કરી છે, જેમાં વિવિધ કેટેગરીમાં માત્ર ૧૩૯ ઉમેદવારોનું મેરિટ લિસ્ટ પર કામ આગળ વધશે, તો પણ દિવ્યાંગતાના ક્ષેત્રે થોડી પણ પ્રગતિ થશે એવી આશા બંધાણી છે. જો કે હજૂ સ્પેશ્યલ એજયુકેટરની ખૂબજ જગ્યા ખાલી છે, ત્યારે વિવિધ ક્ષેત્રના સ્પે. એજયુકેટરને સરકારી શાળામાં નોકરી માટેની વિપૂલ તકો રહેલી છે.

(સૌ. નવ ગુજરાત સમય, અમદાવાદ)

# સંસ્થાની પ્રતિબધ્ધતા અને નિષ્ઠાથી આત્મનિર્ભર બની દિવ્યાંગ દીકરીઓ

## શ્રવણમંદતાને સમસ્યા ન ગણી સ્વમાન અને સન્માન સાથે જીવવાનું સ્વપ્ન સાકાર થયું અને જીવનમાં આવી હિરા જેવી ચમક



માત્ર શાળા કે સંસ્થા નહીં, ભણતરથી પગભર કરવા સુધીની નિષ્ઠા અને પ્રતિબધ્ધતા સાથે કામ કરી રહી છે ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટીઓની કશુંક કરી છૂટવાની ભાવના અને સામા પક્ષે દિવ્યાંગોની મુશ્કેલીઓને ભૂલી આગળ વધવાની તૈયારીને કારણે ઉત્તમ પરિણામ મળતું રહ્યું છે. જે. એ. મહેતા શ્રવણમંદોની શાળાના વિદ્યાર્થીઓના જીવનમાં હિરા જેવી ચમક સાથે કારકિર્દીના પહેલ પડ્યાં છે.

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા સંચાલિત જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક  અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અનેક દિવ્યાંગ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ધો. ૧૨ ની પરીક્ષા પૂર્ણ કરનાર આવા વિદ્યાર્થીઓના વાલીઓ સાથે માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ મિટીંગ કરી. તેમણે વાલીઓને સમજાવ્યું કે સંસ્થાના શિક્ષકોએ બાળકોને એવી તાલીમ આપી છે કે તેમને પગભર કરી શકાય તેમ છે. આ માટે તમારી તૈયારી અને મંજુરી આવશ્યક છે. વાલીઓની મંજુરી મળી.

શ્રી અશ્વિનભાઈ પંડયાએ હરીદર્શન ડાયમંડ એક્સપોર્ટના શ્રી રિતેશભાઈ લખાણી સાથે આ અંગે વાતચીત કરી. રિતેશભાઈ લખાણીની ઓફિસમાં ૬૦૦ કરતાં વધારે લોકો કામ કરે છે. જ્યાં ડાયમંડનું એસોર્ટિંગ ડિસ્ટ્રીબ્યુશન, ઈન્સ્પેકશન, પરચેઝ એન્ડ સેલ, કમ્પ્યુટરાઈઝ્ડ ઈવેલ્યુએશન વિગેરે કામ થાય છે. રિતેશભાઈ દ્વારા પણ હકારાત્મક પ્રતિસાદ મળ્યો અને કહ્યું, ''અમને આવા ઉમદા કામમાં જોડાવું ગમશે.'' આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, શિક્ષક શ્રી યોગેશભાઈ ગોસ્વામી અને શ્રી જયોતિબેન બારૈયા, તમામ વિદ્યાર્થીઓને-વાલીઓને લઈ સંસ્થાની મુલાકાતે લઈ ગયા. અહીં શ્રી રિતેશભાઈ તથા મેનેજર શ્રી નિરવભાઈ પટેલે તમામને અહીં થતું કામ, ઓફિસની શિસ્ત તથા દીકરીઓની સલામતી સહિતની વિગતે સમજણ આપી.

શ્રવણમંદતાને ગણકાર્યા વગર આગળ વધવાની તૈયારી, સંસ્થાનો સહયોગ અને માર્ગદર્શન મળતા હજુ તો ધો. ૧૨ પાસ કર્યુ અને નોકરી સામેથી આવીને ઉભી હતી.

આ જ રીતે આ શાળામાંથી ગત પાંચ વર્ષમાં ૨૨ વિદ્યાર્થીઓ સરકારી નોકરીમાં અને અન્ય ૮૦ જેટલા ખાનગી નોકરીમાં અથવા સ્વનિર્ભર બનીને પગભર થયા છે. આ વર્ષે હરીદર્શન ડાયમંડમાં માત્ર ભાવનગર જિલ્લાની જ નહીં, પરંતુ અમરેલી, રાજકોટ જિલ્લાની અને છેક ઓરિસ્સા રાજ્યમાંથી આવતી આઠ દીકરીઓને, મંદીના સમયમાં જયારે નોકરીમાંથી છૂટા કરવામાં આવે છે ત્યારે શ્રી રિતેશભાઈ લખાણીએ શરૂઆતથી જ દસ હજાર જેવો પગાર આપ્યો છે તથા રહેવા માટે પોતાનો ફલેટ અને જમવા માટે ટીફીનની વ્યવસ્થા કરી આપી છે. આ ઉપરાંત અન્ય બે દીકરીઓ અને બે યુવકો જે ભાવનગરના સ્થાનિક છે, તેમને પણ નોકરીમાં લીધા છે. એટલે કુલ ૧૨ ને હરીદર્શન ડાયમંડ એક્સપોર્ટમાં કામ મળ્યું છે.

શ્રી અશ્વિનભાઈ પંડયા કહે છે, ''બહેરાં-મૂંગા શાળાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ અને ટ્રસ્ટી મંડળે નક્કી કર્યું છે કે આપણું કામ ફકત ચીલા-ચાલું ભણાવવાનું જ નથી, પણ દરેકને કામ અપાવી પગભર કરીને સમકક્ષ બનાવવાનું કામ છે. શારીરિક કે માનસિક નબળાઈ સામે બાળક હાર ન માની જાય અને તેને માત્ર ભણતર જ નહીં પરંતુ તેના જીવનનું ઘડતર અને કારકિર્દીનું ચણતર પણ કરી આપવા માટે અમારી સમગ્ર ટીમ કટિબધ્ધ છે.''

# ‘કોશિશ...’ ૫૦ વર્ષ પૂરાં કરે છે.



શ્રી બાબાભાઈ

શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળાની શરૂઆત પછી, ‘કોશિશ’ માસિક અમે શરુ કર્યું હતું. દાતાઓ, શુભચિંતકો, બાળકોના વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકોને સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી મળતી થાય, પ્રચાર થાય અને વિશિષ્ટ શિક્ષણ અંગે સમાજમાં જાગૃત્તિ ફેલાય તે આ માસિકનો હેતુ રહ્યો છે, મારી દ્રષ્ટિએ આ હેતુ સફળ રહ્યો છે, દેશ-વિદેશમાં ‘કોશિશ’ જાય છે, લોકો રસપૂર્વક વાંચે છે.

‘કોશિશ’ શરુઆતમાં ટ્રેડલ પ્રિન્ટિંગ મશીન અને શીશાના ટાઈપની જુની પુરાણી પધ્ધતિથી છપાતું. પછી બ્લેકએન્ડ વ્હાઈટમાંથી ઓફસેટ પ્રિન્ટિંગનો જમાનો આવતા, કલર પેજ ટાઈટલ સાથે ‘કોશિશ’ વધુ સુંદર અને આકર્ષક બન્યું.

સમય જતા અંધશાળા, ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, PNR સોસાયટી વગેરે સંસ્થાઓના સમાચારથી ‘કોશિશ’ વધુને વધુ ઉપયોગી થતું ગયું.

‘કોશિશ’ માં ઉદારદિલ દાતાઓના દાનની માહિતી નિયમિત છપાય છે, તેના કારણે PNR અને સંલગ્નિત બધી સંસ્થામાં દાનનો પ્રવાહ વહેતો રહ્યો છે, એ પણ ‘કોશિશ’ નો પ્લસ પોઈન્ટ રહ્યો છે.

હિન્દુસ્તાન પેન્સિલ્સ લિ. તરફથી ‘કોશિશ’ ના છેલ્લાં પેજ ઉપર વર્ષોથી જાહેરખબર મળતી રહી છે, તેથી ખર્ચમાં રાહત રહી છે, તેનો આ તકે હું આભાર વ્યકત કરું છું.

‘કોશિશ’ ની મેટર સમયસર એકત્રિત કરી ગોઠવવામાં શ્રી કિરીટભાઈ રાઠોડ અને તેમની ટીમ, તથા દરેક પેઈઝ ઉપર અવનવી માહિતી દર મહિને પૂરી પાડનાર આપણાં શિક્ષણવિદો વગેરે સૌ કોઈએ ‘કોશિશ’ ની ૫૦ વર્ષની યાત્રામાં અમૂલ્ય ફાળો આપ્યો છે તે સૌને ધન્યવાદ.

**-અનંત શાહ (બાબાભાઈ)**

## કર્ણાટકના દિવ્યાંગ ડૉ. રાજન્ના પદ્મશ્રીથી સન્માનિત



૧૧ વર્ષની ઉંમરે, ડૉ. રાજન્ના, કમનસીબે, પોલિયોને કારણે તેમના હાથ અને પગ ગુમાવી દીધા અને તેમના ઘૂંટણ પર ચાલવાનું શીખ્યાં. તેણે તેના શરીરની શારીરિક મર્યાદાઓને, તેની શ્રેષ્ઠ પ્રેરણા બનાવી. પોતાની જાતને કોઈથી ઓછી ન માનતા, તેમણે વિકલાંગ લોકો માટે કામ કરવાનું નક્કી કર્યું. સામાજિક સેવામાં જોડાયા પછી, તેમણે સતત કામ કર્યું અને ૨૦૧૩માં કર્ણાટક સરકારે તેમને વિકલાંગો માટે રાજય કમિશ્નર બનાવ્યાં. કર્ણાટકના બેંગ્લુરુના રહેવાસી રાજન્નાને આ પદ ત્રણ વર્ષ માટે આપવામાં આવ્યું હતું. પરંતુ તેમનો કાર્યકાળ પૂરો થતા પહેલા જ તેમને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યાં હતાં. થોડા સમય પછી તેમને ફરીથી પદ સોંપવામાં આવ્યું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ, નવી દિલ્હી રાષ્ટ્રપતિ ભવનમાં તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માન્યા હતાં. ૨૦૨૪ના બીજા નાગરિક સમારોહ દરમિયાન તેઓએ પદ્મ પુરસ્કારો અર્પણ કર્યા હતાં. આ સમારોહમાં પીએમ નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી શ્રી અમિત શાહ, વિદેશ મંત્રી એસ. જયંશકર અને અન્ય મહાનુભાવો હાજર રહ્યાં હતાં.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**ઓડિયોમેટ્રી કેમ્પ :**



તા. ૧૨-૭ના રોજ ડા. આઈ. બી. સારધારવાલા ઓડિયોલોજી એન્ડ સ્પીચ થેરાપી કિલનિકમાં ઓડિયોમેટ્રી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૭ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. નોંધનીય છે કે આ તમામ દર્દીઓ ૫૫ વર્ષથી ૮૦ વર્ષની શ્રેણીમાં હતા. હિઅરીંગ એન્ડ કાઉન્સેલિંગ અને હેલ્થી હિઅરીંગ કાઉન્સેલિંગ સાથે કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કેમ્પ શ્રી જીજ્ઞાબેનના માર્ગદર્શન હેઠળ ડો. અંબર ગુપ્તા સાહેબ અને શ્રી ખુશાલીબેને સુંદર રીતે આયોજન કરેલ હતો.

**નશા મુકત ભારત અભિયાન :**




તા. ૨૬- ૬ના રોજ ''આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્ય નિષેધ દિવસ'' ની ઉજવણી, આ સંસ્થામાં નશાકારક દ્રવ્યોના દુરુપયોગ અને અવૈધ તસ્કરી વિરુધ્ધના આંતરરાષ્ટ્રીય જાગૃત્તિ દિવસના ભાગ રૂપે, નશા મુકત ભારત અભિયાન અંતર્ગત શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત બાળકો તથા સ્ટાફને વ્યસનથી દૂર રહેવા માટેની માહિતી વિડીયો દ્વારા તથા સ્ટાફ દ્વારા આપેલ હતી. આ કાર્યક્રમમાં બાળકોએ વિવિધ સ્લોગન દ્વારા નશો ન કરવા માટે અપીલ કરવામાં આવેલ હતી. જેમાં સંસ્થાના ૪૦ બાળકો ૧૪ કર્મચારીઓ એમ કુલ ૫૪ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ, શપથ લીધેલ. નશામુકત ભારત માટે દિવ્યાંગ બાળકોએ પણ નશા મુકત સમાજના નિર્માણમાં પોતાની ભાગીદારી નોંધાવેલ. આ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા ઓફિસમાંથી શ્રી જિજ્ઞેશભાઈ ભટ્ટ તથા શ્રી પરિતભાઈ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ 'નટરાજ' સી.પી. સ્કૂલ સ્ટાફ અને પી.એન.આર. ઓફિસના કર્મચારી શ્રી જિજ્ઞાબેન તળાજીયા અને શ્રી ભરતભાઈ ડેર હાજર રહેલ હતાં.

**જનરલ સ્ટાફ મિટીંગ :**

તા. ૧૨-૬ના રોજ જનરલ સ્ટાફ મિટીંગ નું આયોજન કરવામાં આવેલ. જેમાં નવા વર્ષ ૨૦૨૪નાં શૈક્ષણિક સત્રની શુભકામના સાથે આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીએ સી.પી. ડિપાર્ટમેન્ટમાં કાર્યરત સ્ટાફ મિત્રો સાથે મિટીંગ કરેલ. જેમાં તેમણે નવા જોડાયેલા સ્ટાફનો પરિચય, મેગા અસેસમેન્ટ કેમ્પ, રિસોર્સ સેન્ટરના વિકાસ આયોજન, આગામી સત્રમાં શરૂ થનાર નવા પ્રોજેકટ, કાર્યક્રમો વિશે મહિતગાર કર્યા, સાથે રિસોર્સ સેન્ટરમાં અને ફિલ્ડમાં મુંઝવતા પ્રશ્નોનાં નિરાકરણ પણ કરવામા આવ્યું હતું.

**સી.પી. બાળકો દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી :**

જિલ્લા કલેકટર શ્રી મહેતા સાહેબના અધ્યાક્ષ સ્થાને, ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર, દ્વારા આયોજિત સામૂહિક ૧૦ મા વિશ્વ યોગ દિવસ માં, સમાજ સુરક્ષા ખાતા માન્યતા પ્રાપ્ત પી.એન.આર. સોસાયટી સંચાલિત ''નટરાજ'' સી.પી. સ્કૂલના ૧૫ વિદ્યાર્થીઓ તા.૨૧-૬ ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેકસ, સિદસર રોડ, ભાવનગર પર સામેલ થયા હતા. જેમાં સ્પેશિયલ વિદ્યાર્થીઓએ જીવનમાં યોગનું મહત્વ, તેમજ વિવિધ લાભોથી વાકેફ થઈ, નડાબેટ ખાતેથી માનનીય પ્રધાનમંત્રીશ્રીના ઉદબોધનનો પણ લાભ મેળવેલ. સાથે ૧.૨ કરોડ ભારતીયોના સામૂહિક યોગમાં પોતાની ભાગીદારી નોંધાવી, સરળ અને સહજ રીતે યોગ મુદ્રાઓ કરી હતી. સી.પી. બાળકોને સ્નાયુનું અક્કડપણું વધુ હોય છે, તેમજ અનિશ્ચિત હલનચલનની મુશ્કેલી હોવા છતાં સુંદર રીતે યોગાભ્યાસમાં ભાગ લીધેલ. ભાવનગરના ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણીએ પણ સી.પી. બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ વિદ્યાર્થીઓની શક્તિને બીરદાવી હતી.

આ ઉપરાંત સંસ્થાના ઓડિટોરિયમમાં અતિ તીવ્ર સેરેબ્રલ પાલ્સી ધરાવતા ૫૦ બાળકોને પણ વ્હીલચેરમાં, તેમજ એસ્કોર્ટની મદદથી સુક્ષ્મ હલનચલન, શ્વાસોશ્વાસની ક્રિયા, અનુલોમ-વિલોમ, પ્રાણાયામ વગેરેનું આયોજન કરવામાં આવેલ. પી.એન.આર. સોસાયટીના કર્મચારી શ્રી જીજ્ઞાબેન તળાજીયા અને શ્રી ભરતભાઈ ડેર પણ દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ યોગ નિદર્શન કરવામાં મદદરૂપ થયા હતા. તેમજ ઓટિઝમ પ્રોજેકટ, દિશા કમ વિકાસ પ્રોજેકટ, તળાજા, મહુવા, પાલિતાણા, સિહોર


અને સી.પી.સેન્ટર વિદ્યાનગરના કર્મચારીગણ અને સેરેબ્રલ પાલ્સીના યોગાભ્યાસ કરી શકે તેવા વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કુલ ૭૦ દિવ્યાંગ બાળકો તથા સ્ટાફને યોગ દિવસની ઉજવણીમાં સામેલ કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન સી.પી. સ્કૂલના આચાર્યશ્રી જિજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ મદદનીશ શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસ તેમજ ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

**વિકલી સ્ટાફ મિટીંગ :**

સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને તથા આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે સી.પી.સ્કૂલના સ્ટાફ ભાઈઓ-બહેનો સાથે દર બુધવારે સ્ટાફ મિટીંગનું આયોજન કરવામાં આવે છે. આ મિટીંગમાં શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા શિક્ષણ અને વ્યવસ્થાપન અંગે પૂરતું




માર્ગદર્શન આપવામાં આવે છે. તેમજ સંસ્થાના સેક્રટરી જનરલ શ્રી પારસભાઈ શાહ દ્વારા વિશેષ કૌશલ્ય સિધ્ધિઓમાં માર્ગદર્શન આપવામાં આવે છે. શ્રી જીજ્ઞાબેનનો અનુભવ, તેમની કુશળતા, તેમની તજજ્ઞતાનો લાભ દર અઠવાડિયે સ્ટાફને મળે છે. મિટીંગ દરમયાન સ્ટાફને મુંજવતા પ્રશ્નો, વર્ગમાં પડતી મુશકેલીઓ, દિવ્યાંગ બાળકોનાં સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખી, યોગ્ય નિરાકરણ કરવામાં આવે છે.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

✍ ધીરુભાઈ ધંધુકિયા



**રાષ્ટ્રિય વાંચન દિવસ :**

સ્કૂલમાં તા. ૧૯-૬ ના રોજ **નેશનલ રિડીંગ ડે** ની ઉજવણી કરવામાં આવી હતી. જેને બીજા શબ્દોમાં કહીએ તો રાષ્ટ્રિય વાંચન દિવસની ઉજવણી. ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ સભાખંડમાં સમૂહ વાંચન પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. જેમાં શ્રીમદ ભગવદ્ગીતાના અલગ-અલગ અધ્યાયનું વાંચન કરવામાં આવેલ. આ સમૂહ વાંચન પ્રવૃત્તિમાં શાળાના શિક્ષકગણ પણ જોડાઈને એક અનોખું ઉદાહરણ પૂરું પાડયું હતું. તેમજ શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા દ્વારા ગીતામાંથી આપણને કર્મ અને તેનું ફળ, કર્મના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને જીવન જીવવું જોઈએ તેવી માહિતી આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધો. ૯ થી ૧૨ ના શિક્ષકો દ્વારા, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**વિશ્વ યોગ દિવસ :**



સ્કૂલમાં તા. ૨૧ જૂનના દિવસે બાલમંદિર થી ધો. ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ દ્વારા કુદરતી વાતાવરણમાં વિવિધ યોગાસનો કરી વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવ્યો હતો. યોગ કરવાથી થતા ફાયદા, આસનોથી શારીરિક અને માનસિક રીતે થતો સર્વાંગિ વિકાસ જેવી જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. સાથે તેઓ નિયમિત યોગાસન કરે અને મન તથા તનથી તંદુરસ્ત રહે તે માટેની જાણકારી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક શક્તિઓની ખીલવણી માટે યોગાસનો કરાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાલમંદિર થી ધો. ૧૨ સુધીના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતાં. જેમાં બાલમંદિરના બાળકો સફેદ ટી શર્ટ પહેરીને અને ધો. ૧ થી ૧૨ ના બાળકો પી.ટી. ડ્રેસ પહેરીને ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારબાદ શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા દ્વારા યોગ કરાવવામાં આવ્યાં હતાં. જેમાં ભુજંગાસન, ધનુરાસન, વૃક્ષાસન, પદમાસન જેવા આસન કરાવવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**સ્વચ્છતા સેમિનાર :**

સ્કૂલમાં તા. ૬ જૂલાઈના રોજ શાળામાં ચાલતી જુનિયર રેડક્રોસ પ્રવૃત્તિના ભાગરૂપે શાળાના આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીઓના સહકારથી 'સ્વચ્છ ભારત અભિયાન' પર આધારિત સ્વચ્છતા અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોના આરોગ્ય વિશે, તેમજ સ્વચ્છતા અંગે માહિતી આપેલ. ત્યારબાદ



સૌ પ્રથમ શાળાના પટાંગણની સફાઈ કરવામાં આવેલ. જેમાં શિક્ષકો અને ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ હાથમાં સાવરણા લઈ પટાંગણને સાફ કરવાની શરૂઆત કરેલ. થોડીવારમાં વિદ્યાર્થીઓ હાથ-પગ ધોઈને સ્વચ્છ થયા અને સભાગૃહમાં પહોંચ્યા. શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ સૌની કામગીરીને બિરદાવી તથા સૌના સહકાર અને સંપથી કરવામાં આવતા કામોનો કેવો સરસ પ્રભાવ પડે છે અને જીવનમાં સ્વચ્છતાનું મહત્વ શું છે ? તે સમજાવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

**વિશ્વ વસ્તી દિન :**

સ્કૂલમાં તા. ૧૧ જૂલાઈના રોજ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે શાળામાં ચાલતી જુનિયર રેડક્રોસ પ્રવૃત્તિના ભાગરૂપે ધો. ૫ થી ૯ ના તમામ વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા અને સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મક શક્તિ દ્વારા આગવા સ્લોગનો જેવા કે, 'નાનું કુટુંબ સુખી કુટુંબ', 'જન સંખ્યા પર રોક લગાવો, વિકાસની ધાર વધારો', અંગે નિબંધો લખ્યાં હતાં. શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા વિશ્વ વસ્તી દિવસ અંગેની માહિતી આપવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાપત્ર અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી પંડયા હિતેનકુમાર તથા શ્રી દક્ષાબેનના માર્ગદર્શન હેઠળ, સમગ્ર શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**'ગ્રીન ડે' ની ઉજવણી :**




સ્કૂલના બાલમંદિર વિભાગમાં તા. ૧૩ જૂલાઈના રોજ 'ગ્રીન ડે' ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાળકો ગ્રીન કલરના પરિધાનમાં આવેલ અને રોજિંદા જીવનમાં ઉપયોગી લીલા રંગની વસ્તુ જેવી કે શાકભાજી, વૃક્ષોની ઓળખ અને સાથે-સાથે લીલા રંગનો નાસ્તો જેમ કે, ગ્રીન સલાડ, ફ્રૂટ, મગ, લીલા વટાણા, લીલા ભૂંગળા વગેરે લાવીને નાસ્તો કરેલ. તેમજ વૃક્ષના ચિત્રમાં ચાંદલા ચીપકાવેલ અને પાંદડાની રંગોળી દોરેલ. વિદ્યાર્થીઓમાં ખૂબજ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા અને શ્રી દક્ષાબેન પંડયાના માર્ગદર્શન હેઠળ શિક્ષક શ્રી વેદાણી હિનાબેન, જાની પ્રિયાંશીબેન અને ડોડિયા કૃપાલીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



# દિશા કમ વિકાસ પ્રોજેકટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત જુન માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં ધુપસળી બનાવવી, અગરબત્તી પેકિંગ કરતા, સાબુ બનાવતા બાળકોને શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેકટ કમિટી મિટીંગ :**

તા. ૨૭ જૂનના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. નિરામયા પોલિસી અંગે માહિતી, જૂલાઈ માસ દરમ્યાન મેગા અસેસમેન્ટ કેમ્પમાં ભાગ લેવા,પ્રોજેકટના લાભાર્થી બાળકોના વાલીઓને પ્રોજેકટ અંગે માર્ગદર્શન આપવાની બાબત મુખ્ય હતી.

**ગેસ્ટ વિઝિટ :**

તા. ૨૫ જૂનના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મુલાકાત, મુંબઈથી આવેલ મહેમાનો દ્વારા લેવામાં આવી હતી. જે અંતર્ગત ગેસ્ટ દ્વારા દિશા પ્રોજેક્ટના નાના બાળકોને આપવામાં આવતી દૈનિક ક્રિયાઓની તાલીમ આપવામાં આવતી જોઈ હતી. વિકાસ પ્રોજેક્ટના મોટી ઉંમરના બાળકો દ્વારા બનાવવામાં આવતી ધુપ અને અગરબત્તી બનાવવાની પ્રક્રિયા નીહાળી અને તેઓ સહભાગી બન્યા હતા. સ્પેશયલ એજ્યુકેશનની પ્રક્રિયામાં સ્માર્ટ ટીવી દ્વારા એ,બી,સી,ડી ની મેચિંગ ગેઈમ, એ,બી,સી,ડી ની બબલ ગેઈમ, એ,બી,સી,ડી ની ટ્રેસિંગ ગેઈમ, એ,બી,સી,ડી ની તથા ચિત્રોની મેમરી ગેઈમ, પી.ડી.એફ. ફાઈલમાં અક્ષરોનું ટ્રેસિંગ, વીડિયો દ્વારા બેઈઝિક નોલેજનુ એજ્યુકેશન જોયું તથા તે વિદ્યાર્થીઓને શીખવામાં મદદ રૂપ બન્યાં હતાં.

**વર્લ્ડ યોગા ડે ની ઉજવણી :**



તા. ૨૧ જૂનના રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને સંલગ્ન પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા નટરાજ ઓડિટોરીયમ ખાતે યોગા તથા આસનોનું પ્રદર્શન અને નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટમાંથી શ્રી બીનાબેન જાની તથા શ્રી હર્ષાબેન પાડલિયાએ બાળકો સાથે મળીને યોગના વિવિધ આસનો કર્યા અને ધ્યાન કર્યા બાદ પ્રાણાયામ કરી, પોતાના શારીરિક અને માનસિક સ્વાસ્થયમાં વધારો કર્યો અને દરરોજ યોગ અને ધ્યાન કરવાના શપથ લીધા હતાં.

**ગેસ્ટની વિદ્યાર્થીઓની હોમ વિઝિટ :**

તા. ૨૮ જૂનના રોજ મુંબઈથી આવેલ મહેમાનો દ્વારા, દિશા કમ વિકાસ પ્રોજેક્ટમાં સારવાર લઈ રહેલ વિદ્યાર્થીઓ ગોહેલ દર્શન અને વાઘેલા ક્રિશિવના ઘરની સ્થિતિ, ઘરના વાતાવરણની, ઘરના સભ્યો દ્વારા સારવારમાં કરવામાં આવતી મદદ વિશે જાણવાના પ્રયોજનથી મુલાકાત લીધી હતી. જેમાં પ્રોજેક્ટના સ્પેશયલ એજ્યુકેટર શ્રી બીનાબેન જાની સાથે જઈ વ્યવસ્થા કરવામાં મદદરૂપ બન્યા હતા.

**શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ :**

તા. ૨૮ જૂનના રોજ નટરાજ સી.પી. સ્કૂલ તથા સંલગ્ન પ્રોજેક્ટના બાળકોના શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪નું અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટમાં નવા જોડાયેલા પાંચ બાળકોને એજ્યુકેશન કીટ આપવામાં આવી હતી. જેમાંથી ટોકન સ્વરૂપે એક બાળક ચી.હેત ચૌહાણને સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના હસ્તે એજ્યુકેશન કીટ આપવામાં આવી હતી. ત્યારબાદ અન્ય વિદ્યાર્થીઓ, વિવેક શિયાળ, દિયા ગોહેલ, પ્રગતી જુમાની તથા ઓમને એજ્યુકેશન કીટ આપવામાં આવી હતી.

# એક દ્રષ્ટિહીન કન્યા આઈ.આઈ.એમ.ઈન્દોરમાં પ્રવેશ મેળવે છે.

તેલંગાણા રાજ્યના ઝાહિરાબાદની દ્રષ્ટિહીન કન્યા કોટ્ટાકપ્પુ શિવાની ઉત્તમ અભ્યાસ માટેના સ્વપ્નાઓ સેવતી હતી અને તેની માત્ર ૨૧ વર્ષની ઉંમરે તેને ઈન્દોરની આઈ.આઈ.એમ. માં પ્રવેશ મેળવ્યો છે. આ અનુસ્નાતક કક્ષાનો બે વર્ષનો મેનેજમેન્ટનો અભ્યાસક્રમ છે.

નાની હતી ત્યારે સાધારણ બાળકોની સાથે તેણે તેનો અભ્યાસ કર્યો અને દ્રષ્ટિહીન લોકો માટેની બ્રેઈન લિપિની પણ એ જાણકાર ન હતી. તેમજ દ્રષ્ટિહીન લોકો માટે વપરાશમાં લેવાતા ટેકનિકલ ગેજેટસથી પણ એ અજાણ હતી. એ પછી તેના મા-બાપે તેને હૈદરાબાદની દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેની એક શાળામાં મુકી અને તેની શૈક્ષણિક કારકિર્દીમાં એકદમ ગતી આવી ગઈ, જેણે તેના આત્મવિશ્વાસમાં ખૂબ વધારો કર્યો. અને સાધારણ બાળકોની શાળામાં કોમર્સના વિષયમાં પ્રવેશ મેળવ્યો અને અહીં એ ટોપર બની. ચેન્નાઈ યુનિવર્સિટીમાંથી સ્નાતક બની અને ખૂબ જ સ્પર્ધાત્મક CAT ની પરીક્ષા આપી જેથી MBA બની શકાય. તેને અનુસ્નાતક અભ્યાસ માટે ૧૮ જેટલી યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા અરજી કરી અને છેવટે વર્ષ ૨૦૨૩માં તેણે આઈ.આઈ.એમ. ઈન્દોરમાં પ્રવેશ મેળવ્યો. આ અનુસ્નાતક અભ્યાસક્રમ એમ.બી.એ.ની સમકક્ષ છે. અભ્યાસ પૂરો થયે તેની ઈચ્છા કોઈ કોર્પોરેટ કંપનીના બધા જ વિભાગમાં કામ કરીને જ્ઞાન મેળવવાની છે. ભગવાન શ્રીકૃષ્ણ તેમના એક આદર્શ પ્રભુ છે અને આશીર્વાદરૂપ છે. આઈ.આઈ.એમ. ઈન્દોરના અધિકારીઓ આવી તીક્ષ્ણ પ્રતિભા ધરાવતી વિદ્યાર્થીની માટે ગૌરવ અનુભવે છે.

(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) સંવાહક : પીયૂષ પારાશર્ય



# પી. એન. આર. હૉસ્પિટલ

✍ મહાસુખભાઈ જકડિયા



**જૂન - ૨૪ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૭૩ | ૦૭ - ૦૨ |
| આંખ | ૧૦૩૭ | - - ૩૦૦ |
| આંખની છારી | ૭૦ | - - - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૦૫ | ૧૪૭ - ૦૫ |
| ઓર્થોસ્કોપી | ૩૪ | ૦૧ - - |
| ઓર્થોડેન્ટલ | ૧૫૦ | ૧૭૨ - - |
| જનરલ ઓપીડી | ૪૪૩ | - - - |
| એક્ષ-રે | ૭૪ | - |
| લેબોરેટરી | ૩૭૩ | ૧૦૯૬ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૪૨ | ૦૪ |
| આંખના પડદા | ૨૮ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | - | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૩૦ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | - | ૦૬ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૮ | ૦૩ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૨ | ૦૨ |

આ માસ દરમિયાન કુલ **૩૪૬૮** દર્દીઓએ લાભ લીધો હતો.

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૭૦** લાભાર્થીઓએ **રૂા. ૯,૭૬૮૧/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૧** લાભાર્થીઓએ **રૂા. ૨૦૯૦/-** ની સહાય મેળવેલ છે.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

✍ જીજ્ઞેશ પારેખ



**૧. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**

તા. ૫ થી ૯ જૂન ʼ૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે પ્લાસ્ટિક સર્જરી કેમ્પ નું આયોજન, દાતાશ્રી ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૨૮ બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૨ કપાયેલાં હોઠ, ૨ તાળવામાં કાણું અને ૩ હાઈપોસ્પેડિયા એમ કુલ ૭ ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


**૨. ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે. ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :**

સંસ્થા દ્વારા પ્રવીણચંદ્ર દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્શન સેન્ટરમાં વર્ષ ૨૦૨૪ʼ-૨૫ માં ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે. ના આર્થિક સહયોગથી આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને ડૉક્ટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

જૂન ʼ૨૪ દરમિયાન ભાવનગર નગર સંચાલિત

પ્રાથમિક શાળાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૬૬૨૦ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા ૩૨૬ બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા ૧૬૪ બાળકો જોવા મળ્યાં હતાં.


ENT કેમ્પ તા. ૨૮-૬ ના રોજ PNR હોસ્પિટલમાં કર્યો હતો. જેમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) એ ૨૫ બાળકોને તપાસી પ્રિસ્ક્રાઈબ કર્યા તે મુજબ દવા આપવામાં આવી હતી. કાનની તકલીફવાળા બાળકોને PNR હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે રિફર કર્યા હતાં, તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. ઉદિતરાજ ચાવડા અને ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા ૭ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી છે.



# અંબા સી.પી. હોસ્ટેલ

## મે - જૂન - ૨૦૨૪

લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૮-૬ ના રોજ શ્રી મૌલિકભાઈ કનકોશિયા તરફથી...
- તા. ૧૨-૬ ના રોજ શ્રી પ્રકાશભાઈ વાળા તરફથી...
- તા. ૧૭-૬ ના રોજ શ્રી પ્રતાપસિંહ ગોહિલ તરફથી...
- તા. ૨૨-૬ ના રોજ શ્રી નિલેશભાઈ સોની તરફથી...
- તા. ૩-૭ ના રોજ શ્રી શૈલેષભાઈ ધામેલિયા તરફથી...
- તા. ૩-૭ ના રોજ શ્રી ભાવિકભાઈ દેસાઈ તરફથી...
- તા. ૪-૭ ના રોજ શ્રી ભગીરથભાઈ દેસાણી તરફથી...
- તા. ૧૪-૭ ના રોજ શ્રી રાકેશભાઈ મકવાણા તરફથી...
- તા. ૧૪-૭ ના રોજ બાપા સીતારામ ગ્રુપ તરફથી...
- તા. ૧૫-૭ ના રોજ શ્રી દેવેન્દ્રકુમાર મહાસુખભાઈ દોશી તરફથી...

### નાસ્તો

- તા. ૨૦-૬ ના રોજ શ્રી હર્ષવર્ધનભાઈ જાની તરફથી
- (મિતીબેન જાનીના આત્મશ્રેયાર્થે)
- તા. ૩-૭ ના રોજ શ્રી ગંભીરસિંહ વાઘેલાતરફથી...
- તા. ૪-૭ ના રોજ શ્રી રમેશભાઈ મકવાણા તરફથી...
- તા. ૧૧-૭ ના રોજ શ્રી મેહુલભાઈ દેવલુક તરફથી...

### -: સમાચાર :-

- તા. ૧૨-૧૩-૬ ના રોજ યોજાયેલ 'સ્પે. ખેલ મહાકુંભ' માં હોસ્ટેલના બાળકોએ ભાગ લીધો હતો.
- તા. ૨૧-૬ ના રોજ 'આંતરરાષ્ટ્રિય યોગ દિવસ' નિમિત્તે હોસ્ટેલના બાળકોએ યોગ કર્યા હતાં.

## જન્મથી અંધ એવા તરૂણ કુમાર વશિષ્ઠે તાજેતરમાં IIM અમદાવાદમાંથી પી.એચ.ડી. પૂર્ણ કર્યું.



તરૂણ કુમાર વશિષ્ઠનું નામ તાજેતરમાં પ્રચલિત થઈ રહ્યું છે અને ૪૨ વર્ષીય તરૂણ વશિષ્ઠ દ્રષ્ટિહીન છે. તેણે તાજેતરમાં IIM અમદાવાદમાંથી પી.એચ.ડી. પૂર્ણ કર્યું છે. IIM અમદાવાદમાંથી પીએચડી પૂર્ણ કરીને જન્મથી અંધ એવા તરૂણે પોતાની નિષ્ફળતા માટે પ્રતિકૂળ સંજોગોને જવાદબદાર ઠેરવનારાઓ માટે એક દાખલો બેસાડયો છે. તેમણે તાજેતરમાં જ આદરણીય યુનિવર્સિટીમાંથી તેમની ડૉક્ટરલ થિસીસ પૂર્ણ કરી છે અને તેમની થિસીસ કોર્પોરેટ ભારતમાં દ્રષ્ટિહીન કર્મચારીઓના અનુભવો સાથે વ્યવહાર કરે છે. આમ કરવાથી, તેઓ અગ્રણી બી-સ્કૂલમાંથી વિકલાંગતા ધરાવતા પ્રથમ ડૉક્ટર ઓફ ફિલોસોફી (પીએચડી) બન્યા છે. ઉત્તરાખંડના વતની, તરૂણ કુમાર વશિષ્ઠ, આ મહિનાના અંતમાં IIM બોધ ગયામાં સહાયક પ્રોફેસર તરીકે અધ્યાપન શરૂ કરવા માટે તૈયાર છે. આ ''બિન-વિકલાંગ'' યુનિવર્સિટીઓમાં ભણતા દ્રષ્ટિહીન ફેકલ્ટી સભ્યો માટે એક નવું ધોરણ સ્થાપિત કરશે.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## પ્રવેશોત્સવ

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ તથા શ્રી પ્રાથમિક તથા મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવા પ્રવેશ પામતા વિદ્યાર્થીઓ માટેનો પ્રવેશોત્સવ નું આયોજન તા. ૨૯-૬-૨૪, શનિવાર ના રોજ શાળાના ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં મુખ્ય મહેમાન શ્રી એન.વી. ઉપાધ્યાય સાહેબ (IAS) કમિશ્નરશ્રી (ભાવનગર મહાનગરપાલિકા) ઉપસ્થિત રહેલ. તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, શ્રી રાજેશભાઈ હકાણી, માધ્યમિક વિભાગના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે, પ્રાથમિક શાળના આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, TTC કોલેજના HOD શ્રી ધવલભાઈ વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાર્થના બાદ શ્રવવણમંદ બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ દીપ પ્રાગટય કરી શ્રી ગિરીશભાઈ શાહે મહેમાનોનું સ્વાગત પ્રવચન કરેલ. શાળાના કુલ ૧૦૦ નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓમાંથી બંને વિભાગના ૫-૫ વિદ્યાર્થીઓને ટોકન રૂપે પ્રવેશ પ્રોત્સાહક ભેટ અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ ધો. ૧૧ માં પ્રવેશ પામેલ વિદ્યાર્થીની મિતાક્ષીબા સોઢાએ આ શાળા માટે પોતાનો પ્રતિભાવ રજૂ કરેલ. જેનું ઈન્ટરપ્રિટીંગ શ્રી જયોતિબેન ભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી ઉપાધ્યાય સાહેબે પ્રેરક ઉદ્દબોધન કરી, સહુ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવેલ.

અંતમાં આભારવિધિ શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ, તેમજ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાઈન લેંગ્વેજ દ્વારા ઈન્ટરપ્રિટીંગ શ્રી વૃંદાબા તથા શ્રી વિરેન્દ્રભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્દઘોષક તરીકે શ્રી વૈશાલીબેન શુકલએ સફળ કામગિરી બજાવી હતી.

# દાતાશ્રી મુકેશભાઈ ઓઝાનો સન્માન કાર્યક્રમ

શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા-ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક અને માધ્યમિક વિભાગના સંયુકત ઉપક્રમે દાતાશ્રી મુકેશભાઈ ઓઝા (પ્રેસિડેન્ટ અને સીઈઓ સામસારા શિપીંગ પ્રા.લિ.) તથા તેમના પત્ની શ્રી હિનાબેન ઓઝાનો એક સન્માન કાર્યક્રમ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં યોજાયો. આ પ્રસંગે શાળાના બંને વિભાગ દ્વારા સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી. ઉપસ્થિત આમંત્રિતોમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ શાહ, માનદ મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, તેમજ અંધ શાળાના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણી વગેરેની હાજરી પ્રોત્સાહક હતી. દાતાશ્રીઓને બાળકોએ સ્વ હસ્તે બનાવેલ ભેટ તથા શાલ દ્વારા સન્માન કરવામાં આવેલ. દાતાશ્રીઓના હસ્તે શાળાના વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા સેન્ડલનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થા પરિચય પ્રમુખ શ્રી ગિરીશભાઈએ આપેલ. દાતાશ્રીએ વકતવ્ય દરમિયાન સંસ્થાના કાર્ય અને બાળકોનો વિકાસ થાય તેવા શુભાશિષ પાઠવેલ અને ‘જે કંઈ જરૂરત હોય તે માટે હંમેશા સાથે છું,’ તેમ જણાવી બાળકો ઉપર ખૂબ પ્રેમ વરસાવેલ. અંતમાં સમગ્ર કાર્યક્રમની આભારવિધિ માનદ મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડયાએ કરેલ.

દાતાશ્રી સાથે સામસારા શિપીંગ પ્રા. લિ. ના કોમર્શિયલ ચીફ શ્રી તાહિરભાઈ ભારમલ, તેમના પત્ની શ્રી ફાતેમાબેન અને પુત્રી શ્રી જોયાબેન પણ ખાસ ઉપસ્થિત રહેલ. સંસ્થાના બાળકો દ્વારા તૈયાર કરેલ હેન્ડીક્રાફટ કૃતિઓથી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું .

સૌ મહેમાનોએ નાના ભૂલકાઓ વચ્ચે જઈ ખૂબ વહાલ વરસાવ્યું, તેથી બાળકો ખુશખુશાલ થઈ ગયા.

# બેંક ઓફ ઈન્ડિયા સ્ટાર મિત્ર પર્સનલ લોન

બેંક ઓફ ઈન્ડિયા સ્ટાર મિત્ર પર્સનલ લોન એ શારીરિક રીતે અક્ષમ વ્યક્તિઓને મદદ કરવા માટે રચાયેલ યોજના છે. આ યોજના હેઠળ, શારીરિક રીતે અક્ષમ વ્યક્તિઓ આધુનિક સાધન ખરીદવા માટે લોન લઈ શકે છે, જે તેમને સ્વતંત્ર બનવામાં મદદ કરશે. આ સહાયમાં વ્હીલચેર અથવા કોમ્પ્યુટર સુધીની દરેક વસ્તુનો સમાવેશ થાય છે.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

**રૂમાલ વિતરણ કાર્યક્રમ :**



પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને પોતાના જન્મદિવસની ખુશીઓમાં વધારો કરવા દર વર્ષે શ્રી કે.એન.શાહ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી બાળકોને હાથ રૂમાલ ભેટ સ્વરૂપે આપવામાં આવે છે. શાળા સમય દરમિયાન જે બાળકોના જન્મદિવસ આવે તે બાળકોને તે દિવસે, તેમજ દિવાળી અને ઉનાળુ વેકેશન દરમિયાન આવતા જન્મદિવસવાળા બાળકોને શાળા ખુલતા સમૂહમાં પોત-પોતાના ગુરૂજનોના વરદ હસ્તે હાથ રૂમાલની ભેટ બાળકોને આપવામાં આવે છે. બાળકો આ ભેટ મેળવી ખૂબ ખૂશ થાય છે. આ કાર્યક્રમ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. તેઓએ દાતાશ્રીનો હાર્દિક આભાર વ્યકત કર્યો હતો.

**શ્રવણયંત્ર વિતરણ :**

શાળામાં ધો. ૩ માં અભ્યાસ કરતા નકુમ માનવને તેના વાણી વિકાસમાં ખૂબ ઉપયોગી બનતું શ્રવણયંત્ર, દાતાશ્રી રસીલાબેન પ્રવીણચંદ્ર પારેખ, હસ્તે શ્રી ઉત્સવભાઈ તરફથી આપવામાં આવ્યું. દાતાશ્રીએ કુલ ૨૦,૦૦૦/- રોકડ દાન આપેલ છે. જેમાંથી રૂા. ૧૬,૬૦૦/- ની કિંમતનું શ્રવણયંત્ર અને મોલ્ડ તા. ૨૯-૬ ના રોજ પ્રવેશોત્સવમાં ઉપસ્થિત મહેમાનોની હાજરીમાં, દાતાશ્રીના વરદ હસ્તે શ્રવણયંત્ર અર્પણ કરવામાં આવ્યું. દાતાની આ મદદથી માનવના ચહેરા પર અલૌકિક ખૂશી જોવા મળી હતી. ઉપસ્થિત મહેમાનશ્રીએ દાતાશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



✍ જ્યોતિ ભટ્ટી

**'આંતરરાષ્ટ્રિય માદક દ્રવ્ય નિષેધ દિનની ઉજવણી' :**

આંતરરાષ્ટ્રિય માદક દ્રવ્ય નિષેધ દિનની ઉજવણી તા.૨૬-૬ ના રોજ શાળાના ઓડિટોરિયમમાં કરવામાં આવી. જેમાં સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીના પ્રતિનિધિ શ્રી પરિતભાઈ પરમાર અને શ્રી જીજ્ઞેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆતમાં બાળકો દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ પધારેલ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કરેલ અને પ્રસંગોચિત માદક દ્રવ્ય નિષેધ અંગે વકતવ્ય આપી વિદ્યાર્થીઓને જાગૃત કરેલ.

શ્રી પરિતભાઈ તથા શ્રી જીજ્ઞેશભાઈએ પ્રસંગિક ઉદ્દબોધન કરેલ અને માદક દ્રવ્ય નહીં લેવાની તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રતિજ્ઞા લેવડાવી હતી.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓએ રેલી સ્વરૂપે હાથમાં પોસ્ટરો રાખી, જનજાગૃતિનું કાર્ય કરેલ. આ સમગ્ર કાર્યક્રમ બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યાં હતાં.

**સ્પે. ખેલ મહાકુંભ-૨.૦ :**



ગુજરાત સરકાર દ્વારા બધિર દિવ્યાંગ સ્પે. ખેલ મહાકુંભ-

૨.૦ નું આયોજન જિલ્લા રમત વિકાસ અધિકારી, તેમજ ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ઓફ ધ ડેફ સંચાલિત, રાજ્ય કક્ષાના ચેસ ટુર્નામેન્ટનું આયોજન નરોડા, અમદાવાદ ખાતે તા.૧,૨-જૂલાઈ ૨૦૨૪ દરમ્યાન ભાઈઓ તથા બહેનોની સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં ગુજરાતમાંથી તમામ બધિર શાળામાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો.


જેમાં આપણી શાળાના ૧૨ બાળકોએ ભાગ લીધેલ. જેમાં ગ્રુપ-છ વિભાગમાં ધો. ૯ માં અભ્યાસ કરતો અશરફ મન્સુરી, રાજ્ય કક્ષાએ ચેસ સ્પર્ધામાં બીજા નંબરે વિજેતા થયેલ અને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આ વિદ્યાર્થીને સંસ્થા પરિવાર, ટ્રસ્ટીગણ, પ્રિન્સિપાલશ્રીઓ વગેરેએ અભિનંદન પાઠવેલ છે. શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીએ માર્ગદર્શન આપેલ, તેમજ કોચ તરીકે સેવા આપેલ. મેનેજર તરીકે શ્રી જયોતિબેન બારૈયાએ સેવા આપેલ.



## શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

✍ અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)



માહે જૂન માસમાં લોકલ લેવલે કુલ ૮૬ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૦૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૧, અડધા પગ-૩, ઓર્થોશુઝ-૧, ની-બ્રેસ-૧૯, હેન્ડ સ્પીલન્ટ-૧, સ્પાઈનલ ઓર્થોસિસ-૩, અન્ય-૪૩, કેલિપર-૬, એ.એફ.ઓ.-૧૯, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૪ એમ કુલ ૧૦૦ સાધનો આપવામાં આવ્યાં હતાં.

માહે જૂન માસમાં સંસ્થામાં ની-બ્રેસના કેમ્પ, અનુક્રમે મુંબઈ અને હુબલી (કર્ણાટક) મુકામે યોજાયેલ. જેમાં ૩૨ લાભાર્થીઓને ૬૩ ની-બ્રેસો પૂરી પાડેલ હતી.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હીયરિંગ ઈમ્પાયર્ડ)

✍ ડૉ. ધવલ વ્યાસ



**'આંતરરાષ્ટ્રિય યોગ દિવસ' :**

શ્રી શાહ કે.એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ધ ડેફ સંચાલિત શ્રી કે.કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં તા.૨૧-૬ ના રોજ આંતરરાષ્ટ્રિય યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવેલ હતી. 'Yoga for Self & Society' થીમ ઉપર કોલેજના તાલીમાર્થીઓ દ્વારા સૂર્યનમસ્કાર, વિવિધ યોગાસનો અને પ્રાણાયમ કરીને ઉજવણી કરી હતી. સંસ્થાના મેદાનમાં સવારે ૮:૩૦ કલાકે કોલેજના સૌ પ્રાધ્યાપકશ્રીઓ અને તાલીમાર્થીઓ હાજર રહ્યાં હતાં. સૌ પ્રથમ સૂર્યનમસ્કાર કર્યા હતાં, ત્યારબાદ વિવિધ આસનો જેમ કે, ગરુડાસન, વૃક્ષાસન, તાડાસન, તિર્યકતાડાસન, પદ્માસન, વજ્રાસન, પશ્ચિમોતાસન કર્યા હતાં. દરેક આસનો સાથે તેનું જીવનમાં મહત્વ, યોગથી થતાં લાભોની સૌ તાલીમાર્થીઓને સમજ કોલેજના પ્રાધ્યાપક શ્રી દયાબેન વાંકાણી દ્વારા આપવામાં આવી હતી. કોલેજના HOD ડૉ. ધવલભાઈ વ્યાસે આંતરરાષ્ટ્રિય યોગ દિવસનું મહત્વ સમજાવ્યું હતું. કોલેજના પ્રાધ્યાપક શ્રી નિકુંજભાઈ સોલંકીએ વિવિધ પ્રાણાયમો જેવા કે ભ્રામરી પ્રાણાયામ, અનુલોમ-વિલોમ પ્રાણાયામ, કપાલભાતી પ્રાણાયમનું નિદર્શન કર્યું હતું. આ ઉપરાંત D.Ed.Spl.Ed. (HI) ના તાલીમાર્થી મોહનદાને આંતરાષ્ટ્રિય યોગ દિવસ તરીકે ૨૧ જૂનને જ કેમ પસંદ કરવામાં આવ્યો છે ? તેની સમજ આપી. કાર્યક્રમને તસ્વીરોમાં સાચવવાનું કામ તાલીમાર્થીઓ રાકેશભાઈ અને વિનોદભાઈએ સુંદર રીતે કર્યું હતું.

**'International Day Against Drug Abuse & Illicit Trafficking' :**

શ્રી શાહ કે.એલ. ઈન્સ્ટિટ્યુટ ફોર ધ ડેફ સંચાલિત શ્રી કે.કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં તા.૨૬-૬ ના રોજ **'International Day Against Drug Abuse & Illicit Trafficking'** ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની થીમ 'Evidence is Clear : Invest in Prevention' ઉપર કોલેજના D.Ed.Spl.Ed. (HI)



દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા જાગૃતતા અને સાચી સમજ અન્ય તાલીમાર્થીઓ સમક્ષ રાખવામાં આવી હતી. આ દિન અન્વયે કોલેજના પ્રાધ્યાપક મયંકભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ B.Ed.Spl.Ed. (HI) ના તાલીમાર્થીઓ શ્રી શ્વેતાબેન, શ્રી રીંકલબેન, શ્રી પારૂલબેન, શ્રી દિપેનભાઈ, શ્રી સાફવનભાઈ અને શ્રી ભાવેશભાઈએ, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ડ્રગ્સથી થતા નુકશાન અને તેની ગેરકાયદેસર થતી હેરફેર વિશે અસરકારક રીતે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. આ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં કોલેજના સૌ પ્રધ્યાપકોશ્રીઓ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમને તસ્વીરોમાં સાચવવાનું કામ તાલીમાર્થી શ્રી કેતનભાઈએ બખૂબી નિભાવ્યું હતું.

**ટ્રેનિંગ કોલેજની મુલાકાત લેતા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, ભાવનગર બી.એડ.ના તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકશ્રીઓ :**

અત્રેની કોલેજમાં તા. ૧૬-૭ ના રોજ જિલ્લા શિક્ષણ ભવન, સિદસર, ભાવનગરના બી.એડ. ના તાલીમાર્થીઓએ આપણી વિશિષ્ટ તાલીમી કોલેજની મુલાકાત લીધી હતી. જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતેથી ૫૦ તાલીમાર્થીઓ અને તેમની સાથે ૨ પ્રાધ્યાપકશ્રીઓ મુલાકાતે આવ્યાં હતાં. આ મુલાકાતનો હેતુ સામાન્ય શિક્ષણની તાલીમ અને વિશિષ્ટ શિક્ષણની તાલીમ બંને એકબીજાથી કેવી રીતે અલગ પડે છે ? તેમજ સમાવેશી શિક્ષણ એટલે શું ? તેની સમજ કેળવવાનો હતો. તાલીમી કોલેજના HoD ડૉ. ધવલભાઈ વ્યાસ તરફથી સૌનું શાબ્દિક સ્વાગત થયું અને સાથો-સાથ કોલેજનો પરિચય અપાયો હતો. તાલીમી કોલેજના દરેક વર્ગખંડમાં ચાલતી અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા સમજાવી હતી. મુલાકાતે આવેલા તાલીમાર્થીઓના મનમાં સંસ્થા અને વિશિષ્ટ તાલીમી કોલેજ, તેમજ સમાવેશી શિક્ષણને લઈને ઉદ્દભવતા પ્રશ્નોનું નિરાકરણ પણ ડૉ. ધવલભાઈ વ્યાસે કર્યું હતું. D.Ed.Spl.Ed. (HI) ના તાલીમાર્થી દિપેનભાઈ દવે દ્વારા મુલાકાતી તાલીમાર્થીઓને કોલેજ તરફથી સ્મૃતિ ભેટ સ્વરૂપે ઈન્ડિયન સાઈન લેંગ્વેજમાં અંગ્રેજી આલ્ફાબેટસ (ABCD) શીખવી હતી અને મુલાકાતી તાલીમાર્થીઓ દ્વારા તેનો ઉત્સાહપૂર્વક સ્વીકાર કર્યો હતો. આ આખી મુલાકાતને શરૂથી અંત સુધી તસ્વીરમાં સાચવવાનું કામ D.Ed.Spl.Ed. (HI) ના તાલીમાર્થી કેતનભાઈએ કર્યું હતું.

**કોલેજના તાલીમાર્થીઓએ ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂ પૂજન કર્યું :**



"ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરુ આપકો, ગોવિંદ દિયો મિલાય" કબીરની આ ઉક્તિને સાર્થક કરતું પર્વ એટલે ગુરૂપૂર્ણિમા. કોલેજ દ્વારા તા. ૨૦-૭ ના રોજ ગુરૂપૂર્ણિમા દિનની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ટિચર્સ ટ્રેનિંગ કોલેજ કમિટીના ચેરમેન શ્રી જીતુભાઈ શાહ, કોલેજના HoD ડૉ. ધવલભાઈ વ્યાસ, પ્રાધ્યાપકશ્રીઓ અને તમામ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત સૌ ગુરૂઓને કંકુમ તિલક કરવામાં આવ્યું હતું. તે પછી પ્રાર્થના અને દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટય બાદ કાર્યક્રમને આગળ વધારતા D.Ed.Spl.Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૩ ના તાલીમાર્થીઓ અનુક્રમે ભાવેશભાઈ, શ્વેતાબેન અને કવિતાબેન દ્વારા ગુરૂની મહિમા વર્ણવામાં આવી હતી. આ જ અભ્યાસક્રમના તાલીમાર્થીઓ રીંકલબેન અને પારૂલબેન કબીરના દોહાની પ્રસ્તુતિ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. કોલેજના પ્રાધ્યાપક શ્રી નિકુંજભાઈએ સૌ તાલીમાર્થીઓને ગુરૂપૂર્ણિમાની હાર્દિક શુભકામનાઓ પાઠવતું વકતવ્ય આપ્યું હતું. શ્રી અશ્વિનભાઈ પંડયાએ ગુરૂ અને શિષ્ય વચ્ચેનો સંબંધ અને ગુરૂનું મહત્વ, એક વિદ્યાર્થીના જીવનમાં શું હોય છે ? તેની સમજ સૌ તાલીમાર્થીઓને આપી હતી. ત્યારબાદ શ્રી જીતુભાઈએ સૌ તાલીમાર્થીઓને શિક્ષકના ગુણો અને વિદ્યાર્થીઓમાં શિસ્તના પાઠ સમજાવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન B.Ed.Spl.Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૩ના તાલીમાર્થીઓ દિપેનભાઈ અને પૂજાબેને સફળ રીતે કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ D.Ed.Spl.Ed. (HI) સેમેસ્ટર-૩ની તાલીમાર્થી પૂજાકુમારીએ કરી હતી. સંપૂર્ણ

કાર્યક્રમને તસ્વીરમાં સાચવવાનું કાર્ય B.Ed.Spl.Ed. (HI) ના તાલીમાર્થી શ્રી કેતનભાઈએ કર્યું હતું.

**ફાયર સેફ્ટીની સમજ મેળવતા કોલેજના તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકશ્રીઓ :**

ગુજરાતીમાં કહેવત છે કે, 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય.' તેને બરાબર સમજીને સંસ્થા પરિસરમાં કોઈ અનિચ્છનિય બનાવ જેવા કે આગ લાગવી, શોક સર્કિટ થવો, વગેરે બનાવ બને તે સમયે સંસ્થા પરિસરમાં ઈન્સ્ટોલ કરેલ ફાયર સેફ્ટીના સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકાય, તે માટે નવીન એન્ટરપ્રાઈઝના શ્રી કેતનભાઈ દ્વારા એક મોક ડ્રિલનું આયોજન તા. ૨૦-૭ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના સૌ સ્ટાફ મિત્રો અને તાલીમાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહી, આગ લાગવાના કારણો, આગ લાગે ત્યારે કયા પ્રકારના ફાયર એક્સટિંગ્વિશરનો ઉપયોગ કરવો, કઈ દિશામાં અને કઈ રીતે ફાયર એક્સટિંગ્વિશરનો ઉપયોગ કરવો, ફાયર એલાર્મ કઈ રીતે વગાડવું, ફાયર એલાર્મ વાગે ત્યારે સૌએ કયાં, કેવી રીતે ભેગા થવું ? પાઈપ દ્વારા પાણીનો કઈ રીતે છંટકાવ કરવો, વગેરેની પ્રત્યક્ષ સમજ મેળવી હતી. આ સાથે કોલેજના HoD ડૉ. ધવલભાઈ વ્યાસ અને તાલીમાર્થીઓએ ગેસ અને પાઉડર એમ બંને પ્રકારના ફાયર એક્સટિંગ્વિશરને પ્રત્યક્ષ ઉપયોગ કરીને સ્પષ્ટ જ્ઞાન મેળવ્યું હતું. આમ, તાલીમાર્થીઓ અને સ્ટાફ મિત્રોને આગની પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો અને સલામતી માટેની જરૂરી પગલાઓ વિશે પ્રયોગાત્મક અનુભવ આપવામાં આવ્યો હતો. આવા કાર્યક્રમો કોલેજના તાલીમાર્થીઓ અને પ્રાધ્યાપકશ્રીઓને સુરક્ષા અંગેની સમજણમાં વૃધ્ધિ લાવી શકાય છે.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોટવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

**વિનામૂલ્યે કાન, નાક, ગળાના રોગો માટે તપાસ નિદાન કેમ્પ :**

તા. ૭-૫ ના રોજ લોકસભા ચૂંટણી પર્વ નિમિત્તે, મતદાન કરીને બતાવવા માટે આવેલ દર્દીઓ માટે કાન, નાક, ગળાના રોગો માટે સવારે ૧ થી ૨, બપોરે ૫ થી ૭ દરમ્યાન વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૫ વર્ષના સરકારી અનુભવી ઈ.એન.ટી. ડૉક્ટર દ્વારા કાન, નાક, ગળાના વિવિધ રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ વર્ષથી નીચેની ઉંમરના બાળકો માટે વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવે છે.

**વિનામૂલ્યે ફિઝીયોથેરાપી રોગો માટે તપાસ નિદાન કેમ્પ :**

તા. ૧૩-૫ થી તા. ૧૮-૫ દરમ્યાન, તેમજ તા.૧૭-૬ થી ૨૨-૬ સુધી દરરોજ સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. ચિન્મયી મજીઠિયા (એમ.પી.ટી.) તથા ડૉ. પ્રિયાંશી પરમાર દ્વારા સાંજે ૫ થી ૭ દરમ્યાન ફિઝીયોથેરાપીની ઉપલબ્ધ સારવાર માટે વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં હૃદય તથા ફેફસાના ઓપરેશન બાદ ઝડપી રીકવરી માટેની કસરતો, કરોડરજ્જુની ઈજાઓ, સ્નાયુઓનો દુ:ખાવો, ખભાનો દુ:ખાવો, ફેકચર-લકવો, ગોઠણનો દુ:ખાવો, જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી પછીની કસરત, પગની એડીનો દુ:ખાવો, કમરનો દુ:ખાવો, સંધિવા, સાયટિકા/નસ દબાવવી, પાર્કિન્સન્સ રોગ, બાળ રોગ, ઓસ્ટિયોપોરોસીસ તથા અન્ય સારવાર, ચહેરાનો લકવો, બેઠાડું જીવન, થાઈરોઈડ અને મહિલાઓમાં થતાં આંતરસ્ત્રાવોના બદલાવના લીધે થતો પીસીઓડી/પીસીઓ-૫ ના કારણે થતો ડાયેટ ચાર્ટથી વજન ઘટાડી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવેલ.

**સ્વ. શ્રી વિમળાબેન શાંતિલાલ મહેતા તથા**
**સ્વ. શ્રી શાંતિલાલ હરીદાસ મહેતાના સ્મરણાર્થે**

**મોતિયાના નિ:શૂલ્ક ઓપરેશન માટે નિ:શૂલ્ક તપાસ નિદાન કેમ્પ યોજાયો :**



હોસ્પિટલ ખાતે તા. ૧૮-૭ થી તા. ૨૩-૭ સ્વ. શ્રી વિમળાબેન શાંતિલાલ મહેતા તથા સ્વ. શ્રી શાંતિલાલ હરીદાસ મહેતાના સ્મરણાર્થે વિનામૂલ્યે ઓપરેશન માટે તપાસ નિદાન કેમ્પ યોજાયો હતો.

કેમ્પમાં ડૉ. હર્ષા મહેશ્વરી, ડૉ. ધ્રૂવિલ નાયકે પોતાની સેવાઓ આપી હતી. જેમાં જરૂરી જણાયેલ દર્દીઓને આંખના મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

**મે-૨૪ તથા જૂન-૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| **EYE DEPARTMENT** | | **CHEST PHYSICIAN** | **4** |
| OPD | 287 | **PHYSIOTHERAPY** | **212** |
| Cataract Surgeries - Free | 08 | **GENERAL OPD** | **225** |
| Cataract Surgeries - Paid | 05 | **PSYCHIA TRIC** | **41** |
| EYE Retina | 10 | **PSYCHIATRIC (M.D.)** | **74** |
| **ENT DEPARTMENT** | | **ORTHOPEDIC DEPARTMENT** | **82** |
| OPD | 606 | **PEDIATRIC** | **55** |
| OPERATION - PAID | 2 | **SKIN DEPARTMENT** | **185** |
| MINOR PROCEDURE | 120 | **X-RAY DEPARTMENT** | **09** |
| **DENTAL DEPARTMENT** | | **LABORATORY PATIENT** | **196** |
| OPD | 253 | **LABORATORY TEST** | **485** |
| PROCEDURE | 244 | **SONOGRAPHY** | **96** |
| **MATERNITY** | | **CAMP** | **08** |
| OPD | 125 | **PATIENT** | **81** |
| DELIVERY | 03 | **SHAMJI MAVJI RELIEF** | **09** |
| OPERATION | 04 | | |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



**આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી :**

શાળા ખાતે દર વર્ષની માફક આ વર્ષે પણ આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકો તથા સ્ટાફ દ્વારા સૂર્ય નમસ્કાર તથા યોગ કરવામાં આવ્યાં હતાં.

**પ્રવેશોત્સવ ઉજ્જવળ ભવિષ્યનો... :**

તા. ૨૯-૬ ના રોજ શાળામાં પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત શાળાના બાળકોની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ અને નવા પ્રવેશ પામેલ બાળકોનું અભિવાદન માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૨૪-૨૫ માં નવા પ્રવેશ પામેલ બાળકોને અતિથિવિશેષ શ્રી જાબુંચા સર (પ્રોબેશનલ ઓફિસર, જિલ્લા સમાજ સુરક્ષા, ભાવનગર) તથા સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી તથા માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ તથા આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ તિલકવિધિ-મોં મીઠું કરાવી, તેમજ શૈક્ષણિક કીટ ભેટ આપી પ્રવેશ કરાવેલ. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન બાલવાટિકા વિભાગમાં ૮ તથા શાળામાં ૨૧ કુલ ૨૯ બાળકોએ પ્રવેશ મેળવેલ છે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ અને આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે તથા સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી હિનાબેન ગળથરિયાએ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ કરેલ.

**રાજ્યકક્ષાએ શાળાનું ગૌરવ વધારતા રમતવીરો :**

તાજેતરમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે મંદબુધ્ધિ બાળકોનો રાજ્યકક્ષાનો સ્પે. ખેલ મહાકુંભ યોજાયેલ. જેમાં શાળાના બાળકોએ એથ્લેટિકસમાં હાયર એબિલિટી, લોઅર એબિલિટી, તેમજ ટીમ ગેઈમમાં વોલીબોલ, બાસ્કેટબોલ, બોચી રમતમાં ભાગ લઈ, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ૮ ગોલ્ડ, ૩ સિલ્વર, ૧૦ બ્રોન્ઝ એમ કુલ ૨૧ મેડલ મેળવી રાજ્ય કક્ષાએ ભાવનગર તથા શાળાનું નામ ગુંજતુ કરી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ આ બાળકોને શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી આસિફખાન પઠાણ શિક્ષક તથા શ્રી મોનાલીબેને સતત પ્રેક્ટિસ કરાવેલ. તેમજ શાળાના શિક્ષક શ્રી જયપાલસિંહએ ઓફિશીયલ તરીકેની કામગીરી બજાવેલ હતી.

### સ્વાસ્થ્ય સુરક્ષા-રસીકરણ કેમ્પ :




શાળામાં તાલીમ મેળવતા ૧૦ વર્ષ અને ૧૬ વર્ષની ઉંમર ધરાવતા બાળકો માટે, ભરતનગર અર્બન હેલ્થ સેન્ટરના સહયોગથી ટીટેનસ‌‍ડિપ્થેરિયા (TD) રસીકરણ કેમ્પ યોજાયેલ. જેમાં ૨૩ બાળકોને ટીટેનસ+ડિપ્થેરિયા (TD) રસી આપવામાં આવી હતી.

### નશામુક્તિ અભિયાન :

સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતા નશામુક્તિ અભિયાન અંતર્ગત જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, ભાવનગર દ્વારા શાળામાં નશા મુક્તિ જાગૃતિ અંગેનો કાર્યક્રમ અને રેલી યોજવામાં આવી હતી.



### યુનિફોર્મ વિતરણ કાર્યક્રમ :




દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકો (૨૪૦ બાળકો) ને યુનિફોર્મની એક જોડીનું કાપડ આપવામાં આવેલ. સાથો-સાથ એક શુભેચ્છક (દાતાશ્રી) દ્વારા બાળકોને દફતર તથા ટીફિન ભેટમાં આપવામાં આવ્યાં હતાં.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી

## "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

આગામી સમયમાં આવનાર તહેવાર રક્ષાબંધનને અનુલક્ષીને બાળકોને હાલ અવનવી રાખડીઓ બનાવવાનું કાર્ય શીખવવામાં આવે છે.

## સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી

## ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રિટાર્ડેશન)



ભાવિકા કામદાર

### ફાઈનલ એક્ઝામ થીયરી :

તા. ૬ થી ૧૮ જૂન-૨૦૨૪ દરમ્યાન કેન્દ્રિય વિદ્યાલય-ભાવનગર પરા ખાતે D.Ed. Spl. Ed. (IDD) ના પ્રથમ વર્ષ તથા બીજા વર્ષના તાલીમાર્થીઓની થીયરીની ફાઈનલ પરીક્ષા લેવામાં આવી હતી.

### વાઈવા - પ્રેક્ટિકલ એક્ઝામ :

D.Ed. Spl. Ed. (IDD) ના પ્રર્થમ વર્ષ તથા બીજા વર્ષના તાલીમાર્થીઓની પ્રેક્ટિકલ એક્ઝામ-વાઈવા તા. ૨૪ થી ૨૮ જૂન-૨૦૨૪ દરમ્યાન યોજવામાં આવેલ. જેમાં એક્ષર્ટનલ એક્ઝામિનર તરીકે શ્રી જયેશભાઈ ધંધુકિયાએ ફરજ બજાવી હતી.

## દિવ્યાંગોને એક વધુ રાહત

રાજકોટ મહાનગરપાલિકાએ એક સરસ નિર્ણય લીધો છે કે, વરિષ્ટ નાગરિકો અને દિવ્યાંગ લોકો કે જેઓ સ્થાનિક સિટી બસમાં મુસાફરી કરતા હશે, તેમની પાસેથી બસનું ભાડું લેવામાં નહીં આવે. તેઓ મફત મુસાફરી કરી શકે છે. દેશની અન્ય મહાનગરપાલિકાઓએ પણ આ રીતે દિવ્યાંગો માટે વિચારવું જોઈએ. (સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર) સંવાહક : પીયૂષ પારાશર્ય



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ સુકેતુ શાહ



**PNR સોસાયટીના AT&T ટેકનોલોજી ઈન્સ્ટિટયુટ દ્વારા દિવ્યાંગોને ટ્રેનિંગ માટે લેપટોપ અપાયા.**



PNR સોસાયટી સંચાલિત PNR દ્વારા દિવ્યાંગોને પગભર કરવા છેલ્લાં ૨૪ વર્ષથી કોમ્પ્યુટર ટ્રેનિંગ દ્વારા વિવિધ કોર્સના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે, જેમાં ભાવનગર જિલ્લામાં તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં લેપટોપ દ્વારા ઓનલાઈન ટ્રેનિંગ પણ આપવામાં આવે છે.

તા. ૧૩-૭ ના રોજ આ ઈન્સ્ટિટયુટ દ્વારા મહુવા અને શિહોર તાલુકાના ૨૦ દિવ્યાંગોને ઓનલાઈન ટ્રેનિંગ માટે ઉપયોગ કરવા લેપટોપ, ડોંગલ, પુસ્તકો વિગેરે આપવાનો કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો. જેમાં માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે દિવ્યાંગો માટે કાર્યરત PNR સોસાયટીની માહિતી આપી હતી. સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે આ ટ્રેનિંગને સાર્થક અને પરિણામલક્ષી બનાવવા ઉપસ્થિત તાલીમાર્થીઓને અપીલ કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના ટ્રેઝરર શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા, હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી મહાસુખભાઈ ઝકડિયા, કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ બુધેલિયા વિગેરે ઉપસ્થિતોના હસ્તે, લેપટોપ વિગેરે વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમને સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ તથા સિનિયર એકઝીકયુટિવ શ્રી સુકેતુભાઈ શાહે શુભેચ્છાઓ આપી હતી.



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

✍ છાયા જોષી



**જૂલાઈ મહિના દરમ્યાન લાઈબ્રેરીમાં નીચે મુજબના એક્ટિવિટી કરાવવામાં આવી.**

૪૦ સ્પેલિંગ એક્ટિવિટી કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ સ્ટુડન્ટ્સ, ૩૦ મેથ્સ એક્ટિવિટી કે.એન. શાહ હાઈટેકઈન્કલુઝિવ સ્કૂલ સ્ટુડન્ટ્સ, ૧૫ ડ્રોઈંગ એક્ટિવિટી કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ સ્ટુડન્ટ્સ, ૧૦ કલરિંગ એક્ટિવિટી સી.પી. સ્કૂલ સ્ટુડન્ટ્સ, દિશા કમ વિકાસ ઓટિઝમ સ્કૂલ સ્ટુડન્ટ્સ અને ૩૮૦ પુસ્તકો ચાલુ મહિનામાં ઈસ્યુ થયાં હતાં.

## ફાધર્સ ડે (પિતા દિવસ) ના સંદર્ભમાં એક દિવ્યાંગની કથા

વર્ષ ૧૯૯૮ માં તાજા જ જન્મેલા બાળકને મહેશભાઈ અને શ્રીમતી જયશ્રીબેન ગાંગડિયાએ દત્તક લીધો. અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા આ દંપતી ઉત્સાહથી બાળકને ઉછેરી રહ્યાં હતાં. ત્યાં અચાનક જ આ દત્તક લીધેલા બાળક, કે જેને તેઓ લાડમાં જય કહેતા હતાં. તેને કમળો થયો અને તેનાથી બાળક સેરેબ્રલ પાલ્સિના હુમલાનો ભોગ બની, તેમાં સરી પડયો. પણ આ દંપતીએ કોઈ હિંમત હાર્યા વગર આ વિકલાંગ બાળકના ઉછેરમાં અને તેના સંવર્ધનમાં ખૂબ જ ધ્યાન આપ્યું અને આ બાળકમાં રહેલી કલા-ખેવનાને પરિપૂર્ણ કરી. બાળક પોતાની ડોકથી નીચેના અંગો ઉપર કોઈ નિયંત્રણ રાખી શકતો ન હતો. તેવી સ્થિતિમાં આ દંપતીએ તેને આધુનિકતમ સારવાર આપી. મહેશભાઈ કે જેઓની વય અત્યારે ૬૨ વર્ષની છે. તેઓએ ઈશ્વર દત્ત આ અભિષાપને સ્વીકારી લીધો અને દંપતી તેમના પુરુષાર્થથી એમના પુત્ર જયને ઉછેરી રહ્યાં છે અને તેની કલા-ખેવનાને પોષી રહ્યાં છે. જય દ્વારા તૈયાર કરવામાં આવેલા ચિત્રો તેમના સંગ્રહમાં છે. દત્તક લેનાર દંપતીની ધીરજને ધન્યવાદ છે. આ બાળક અત્યારે તો તેની ઉંમર ૨૬ વર્ષની છે.

(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) સંવાહક : પીયૂષ પારાશર્ય

# ૧ થી ૩૧ જુલાઈ ૨૦૨૪ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR
HOPE 4 ALL

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Bhupendra Himmatlal Shah - Mumbai | 2,50,000 |
| Shri Jayesh Thakorbhai Desai - Mumbai | 2,50,000 |
| Shri Prakashbhai N. Desai - Mumbai | 82,000 |
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 10,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 7,000 |
| Shri Harsha Sheth - Mumbai | 7,000 |
| B.K.Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 1,46,700 |
| The Dalal Family Charitable Foundation - Mumbai | 11,00,000 |
| Shri Shri Kayamars Mehta - Mumbai | 2,000 |
| Shri Bharatiben Nileshbhai Chalalia - Bhavnagar | 21,000 |
| Shri Atulkumar Pratapray Pandya - Bhavnagar | 2,500 |
| Shri Deepak Kumar Ganjiwale - Anand | 5,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| Heart And Hand For The Handicapped, USA (Autisum Project) | 9,87,135 |
| See International Surgical Eye Care (See) Grant, (USA) | 2,70,139 |

### CSR

| | Rs. |
|---|---|
| M/S. Hamlet Constructions (India) Pvt.Ltd. - Mumbai | 25,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 20,000 |
| Shri Maheshbhai Kishanbhai Kshirsagar - Bhavnagar | 1,000 |
| Shri Krunalbhai Shah - Bhavnagar | 13,500 |
| Shri Prakash R. Muni - Mumbai | 41,000 |
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Shri Upendrabhai J. Trivedi - Mumbai | 10,000 |
| Shri Malvika Labhshankar Raval - Bhavnagar | 10,000 |
| Shri Dhiyan Samkit Shah (Ranghola Wala) - Mumbai | 6,000 |
| Late Manglaben Dineshchandra Tanna - Bhavnagar | 3,650 |
| Shri S. N. Gohil - Bhavnagar | 2,001 |
| Shri Rasik R. Shah - Mumbai | 7,500 |
| Shri Rasik R. Shah - Mumbai | 7,500 |
| Shri Malvika Labhshankar Raval - Bhavnagar | 4,250 |
| Shri Monali Chiragbhai Parekh - Bhavnagar | 10,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Maheshbhai Kishanbhai Kshirsagar - Bhavnagar | 1,000 |
| Shri Vimalkant J. Shah - Mumbai | 6,000 |
| Shri Anilbhai Pandya - Bhavnagar | 15,000 |
| Shri Ajitbhai Kantilal Sanghavi - Mumbai | 4,000 |
| Shri Nayanbhai Fatnani - Bhavnagar | 4,620 |
| Dr. Shri Shaila N. Shah - Bhavnagar | 25,000 |
| Shri Umaben Harshvardhan Bhatt - Bhavnagar | 25,001 |
| Late Hareshbhai Tulsidas Parekh - Bhavnagar | 4,000 |
| Shri Progres Aliens (Mori & Team) - Bhavnagar | 6,000 |
| Shri Oswal Welfare Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 5,000 |
| Shri Jay Mukeshbhai Sanghavi - Mumbai | 10,000 |
| Late Tejasbhai Manharbhai Doshi - Bhavnagar | 15,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Hi-Tech Investment Castings Private Limited - Bhavnagar | 5,00,000 |
| Lincoln Pharmaceuticals Ltd. - Ahmedabad | 2,00,000 |
| Shri Umaben H. Bhatt - Bhavnagar | 51,001 |
| Shri Sanjay Upendra Kapadia - Mumbai | 21,000 |
| C. C. Buch Public Charitable Trust - Vadodara | 11,000 |
| Late Shri Heenaben Daxeshbhai Baxi - Bhavnagar | 10,500 |
| Shri Upendra J. Trivedi - Mumbai | 10,000 |
| Shri Rameshbhai Hirjibhai Thakker - Bhavnagar | 5,100 |
| Shri Praful Chandra Dave - Ahmedabad | 5,000 |
| Shri Kishorbhai Bhagvanjibhai Sureja - Bhavnagar | 5,000 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 5,000 |
| Shri Kishor Balchand Shah - Thane | 2,500 |
| Shri Dharmeshbhai Chheda - Thane | 2,000 |
| Shri Rajeshbhai Natvarlal Shah - Ankleshwar | 2,000 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Shri Asthaben Pranavbhai Pandya - Bhavnagar | 1,100 |
| Shri Kinjalben Darshanbhai Lalani - Bhavnagar | 1,100 |
| Shri Vikrambhai Trivedi - Bhavnagar | 1,050 |
| Late. Shri Madhukar Madhav Rao Walhekar - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | |
|---|---|
| Shri Prabodh Shantilal Mehta - Mumbai | 2,00,000 |
| Shri Madhukanta Nagindas Bhayani - Bhavnagar | 51,000 |


## માનવંતા મહેમાનશ્રીની પ્રોત્સાહક મુલાકાત

ભાવનગરની PNR સોસાયટીના નટરાજ ઓડિટોરિયમ ખાતે મુલાકાત માટે પધારેલ શ્રી મુકેશભાઈ ઓઝા (પ્રેસિડેન્ટ અને સીઈઓ, સામસારા શિપીંગ પ્રા. લિ.) તથા તેમના પત્ની શ્રીમતી હિનાબેન એમ. ઓઝા, શ્રી અને શ્રીમતી તાહેરભાઈનું સ્વાગત સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે કરેલ હતું.

સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકીએ પ્રસંગ પરિચય આપી, ઓટિઝમ અને સ્પીચ થેરાપીની પ્રવૃત્તિની માહિતી આપેલ. દિવ્યાંગ બાળકોએ ફેશન શો તથા યોગા નૃત્યનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. બાળકોને આસિસ્ટિવ ડિવાઈસ, લો વિઝન કીટ, સેન્સરી કીટ અને એજ્યુકેશન કીટ ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે અર્પણ કરાયેલ હતી. મુખ્ય અતિથિ શ્રી મુકેશભાઈ ઓઝાએ પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ. આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, શ્રી લાભુભાઈ સોનાણી (જનરલ સેક્રેટરી KKBS), શ્રી મહેશભાઈ પાઠક (માનદ મંત્રી KKBS), શ્રી કિરીટભાઈ રાઠોડ (માનદ મંત્રી), શ્રી એચ.પી. રાખશિયા (ટ્રેઝરર), શ્રી ધીરૂભાઈ ધંધુકિયા (સહમંત્રી) વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે પધારેલ મહાનુભાવોનું શાલ અને સ્મૃતિ ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## નટરાજ સી.પી. સ્કૂલમાં શ્રી મુકેશભાઈ ઓઝાની મુલાકાત


Visitors Book
Your Valuable Comments & Suggestions

Extremely happy to visit the school with family & friends to understand the good work with human touch being done under the inspiration of Pujya Bababhai & his dedicated team. This school is an example of how challenge can be turned into successful support to children.

## PNRના કર્મનિષ્ઠ કર્મચારીઓનું અભિવાદન


**શ્રી ચેતનભાઈ રાણા**


**શ્રી યશ મહેતા**

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં "પ્રજ્ઞાલોકને આંગણે હરખના પોખણાં" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ ભાવનગરના કલેકટરશ્રી આર.કે. મહેતા સાહેબ, શ્રી મુકેશભાઈ ઓઝા (ગ્રુપ પ્રેસિડેન્ટ એન્ડ સી.ઈ.ઓ. સામસારા શિપીંગ કં. પ્રા.લિ.-મુંબઈ) તથા ભાવનગર મહાનગરપાલિકાના મેયરશ્રી ભરતભાઈ બારડના મુખ્ય અતિથિ વિશેષ પદે તથા જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણીના આયોજન નીચે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પી.એન.આર. સોસાયટીના કર્મનિષ્ઠ કર્મચારીઓ અને સેવાભાવી નિષ્ણાત તબીબનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું. જેમાં પી.એન.આર. હોસ્પિટલ સાથે લાંબા વર્ષોથી સંકળાયેલા ડૉ. સંજીવ રવિ સાહેબ (ઓર્થોપેડિક સર્જન), એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટયુટના સિનિયર એકિઝકયુટિવ શ્રી સુકેતુભાઈ શાહ, શ્રી ચેતનભાઈ રાણા (એડમિનિસ્ટ્રેટર), શ્રી યશ મહેતા (આસિ.એડમિનિસ્ટ્રેટર) નું મંચસ્થ મહાનુભાવોના હસ્તે, ગૌરવ પત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

# PNR સોસાયટી તસ્વીર સમાચાર




દાતાશ્રી મુકેશભાઈ ઓઝાનું સન્માન કરતા શ્રી બાબાભાઈ




વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરતા શ્રી તાહિરભાઈ




વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરતા શ્રીમતી હિનાબેન ઓઝા



ડૉ. સંજીવ રવિ સાહેબનું સન્માન કરતા મેયરશ્રી તથા કલેકટરશ્રી વિગેરે



શ્રી સુકેતુભાઈ શાહનું સન્માન કરતા શ્રીમતી હિનાબેન ઓઝા





AT&T ઈન્સ્ટિટ્યુટ દ્વારા મહુવા અને શિહોર તાલુકાના દિવ્યાંગ વિદ્યાર્થીઓને ટ્રેનિંગ માટે લેપટોપ વિતરણ




અંકુર' શાળામાં પ્રવેશોત્સવ-૨૦૨૪

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 August - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com